**આજનો સુવિચાર** સારા કામ માટે સારી સવાર તો રોજ મળે છે. બસ, આપણે એને સારા વિચારથી જોવાની જરૂર છે.

## ઘાટકોપરની બહાર જવું ન હોય અને છતાં નવા, લક્ઝુરિયસ ઘરમાં રહેવું છે? તો આ રહ્યો ઑપ્શન

# ઇન્ટિગ્રેટેડ આહના

### ઘાટકોપર (વેસ્ટ)ના પૉશ અને પ્રીમિયમ વિસ્તાર ગણાતા કામા લેન અને હંસોટી લેનના કૉર્નર પર નવો આકાર લઈ રહેલો આ પ્રોજેક્ટ જૂના અને જાણીતા એરિયામાં વિશાળ, લેટેસ્ટ સુવિધાઓ સાથે રહેવાનો બેવડો આનંદ આપી શકે એમ છે



**ઇન્ટિગ્રેટેડ આહના**

**ઘાટકોપર**

**3 અને 3.5 BHK**

**ઝીરો સ્પેસ વેસ્ટેજ**




**ફ્લેક્સી પેમેન્ટ પ્લાન ઉપલબ્ધ**

**૨૫ ટકા બુકિંગ વખતે**

**૭૫ ટકા ફિટઆઉટ પઝેશન વખતે**

**મનીષ** પારેખ નામના બિઝનેસમૅનનો પરિવાર છેલ્લાં ૩૦ વર્ષથી ઘાટકોપરમાં રહે છે. પૈસેટકે ઘણા સુખી એવા મેહુલભાઈને નવું, વિશાળ અને અદ્યતન સુવિધાઓવાળું ઘર ખરીદવું છે; પણ ઘાટકોપર (વેસ્ટ)નો ધમધમતો એરિયા છોડીને જવાનું મન નથી થતું. તેઓ ચાહે તો થોડેક દૂર નવા ડેવલપ થઈ રહેલા વિસ્તારોમાં લક્ઝુરિયસ ફ્લૅટમાં શિફ્ટ થઈ જ શકે એમ છે; પણ પરિવારજનો આ જ વાતાવરણમાં એવા હળીમળી ગયા છે કે ભલે નાનું ઘર હશે તો ચાલશે, આ એરિયા છોડીને બીજે નથી જવું.

કમલેશભાઈ શાહનો ત્રણ ભાઈઓનો સંયુક્ત પરિવાર ઘાટકોપરમાં હજીયે સાથે રહે છે. રસોડું એક જ છે, પણ ઘરની સંકડાશને કારણે પરિવારનાં યુગલો એ જ બિલ્ડિંગમાં ઉપર-નીચેના માળે લીધેલાં ઘરોમાં સૂવા જાય છે. સૌને ઇચ્છા છે કે કાશ, એક જ ફ્લોર પર એક જ યુનિટ જેવું વિશાળ ઘર હોય તો સંયુક્ત પરિવાર અકબંધ રહી શકે.

મનીષભાઈ અને કમલેશભાઈની જૂના અને જાણીતા વિસ્તારમાં જ અને નવીનતમ સુવિધાઓવાળા બિલ્ડિંગમાં વિશાળ ઘર લેવાની આ ઇચ્છા પૂરી થઈ શકે છે ઇન્ટિગ્રેટેડ સ્પેસિસ લિમિટેડ ડેવલપરના ઇન્ટિગ્રેટેડ આહના પ્રોજેક્ટમાં. ઘાટકોપરના ખૂબ જ જાણીતા, ચહલપહલવાળા પ્રીમિયમ વિસ્તારોમાંનો એક એટલે કામા લેન અને હંસોટી લેન. આ બન્ને લેનના કૉર્નર પર મોકાની જગ્યાએ આવ્યો છે ઇન્ટિગ્રેટેડ આહના પ્રોજેક્ટ.

ઘાટકોપર એટલે મિની ગુજરાત. અગ્રણી વેપારીઓ અને બિઝનેસમેનોની અહીં જબરી જમાવટ છે. ઘાટકોપરના આ વિસ્તારમાં રહેલા પરિવારને અહીંથી બીજે ક્યાંય રહેવા જવાનું જરાય ન ગમે. જોકે અહીંના રહીશોને લાઇફ-સ્ટાઇલ અપગ્રેડ કરવા નવા, વિશાળ અને લક્ઝુરિયસ ઘરની તલાશ જરૂર હોય છે. આવી જ જરૂરિયાત તમારા પરિવારની હોય તો એ માટે કામા લેન અને હંસોટી લેનના કૉર્નર પર આવેલો ઇન્ટિગ્રેટેડ આહના પ્રોજેક્ટ બધી જ રીતે સગવડભર્યો છે.

**ઇન્ટિગ્રેટેડ આહના**

**કામા લેન અને હંસોટી લેનના કૉર્નર પર, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬**

### પ્રોજેક્ટમાં શું છે?

ગ્રાઉન્ડ પ્લસ ૧૨ માળનો એક ખૂબ જ ઍસ્થેટિકલી ડિઝાઇન કરેલો ટાવર છે જેમાં ત્રણ અને સાડાત્રણ બેડરૂમ હૉલ અને કિચનની જોગવાઈ છે. ગ્રાઉન્ડ પ્લસ બે માળમાં પઝલ પાર્કિંગની સગવડ છે. મુંબઈમાં હજી બહુ ઓછાં બિલ્ડિંગોમાં જગ્યાનો મૅક્સિમમ ઉપયોગ કરતું પઝલ પાર્કિંગ જોવા મળે છે.

**વધુ વિગતો માટે સંપર્ક : આશિષ મહેતા**

**9819 899 600**

**99 303 303 00**

**email: sales@groupintegrated.com**

બિલ્ડિંગમાં અલાયદું ફિટનેસ-સેન્ટર, પાર્કિંગની પૂરતી મોકળાશ, પ્રવેશતાંની સાથે જ મોકળાશવાળી લૉબી આ પ્રોજેક્ટને સુંદરતા બક્ષે છે. રૂફટૉપ લાઉન્જની ફૅસિલિટી છે જે નાના પાયે ગેટ-ટુગેધર કરવા માટે આઇડિયલ પ્લેસ બની શકે એમ છે.

### ઝીરો વેસ્ટેજ પ્લાનિંગ

ઇન્ટિગ્રેટેડ સ્પેસિસ લિમિટેડનો પાયાનો સિદ્ધાંત છે ઘરની એકેએક સ્ક્વેર ફુટ જગ્યાનો મૅક્સિમમ ઉપયોગ થઈ શકે એવી ડિઝાઇન બનાવવી. ઘર અફૉર્ડેબલ હોય કે લક્ઝુરિયસ, એક ઇંચ પણ જગ્યા વેસ્ટેજમાં ન જાય એ માટેની તકેદારી ઇન્ટિગ્રેટેડ આહનાની ડિઝાઇનમાં પણ રાખવામાં આવી છે. આહનામાં ૮૯૫ સ્ક્વેર ફીટનો 3 BHK અને ૯૯૪ સ્ક્વેર ફીટનો 3.5 BHK છે. સંયુક્ત કુટુંબના પરિવારો જો બે ફ્લૅટ એકઠા કરીને ગ્રૅન્ડ હોમ બનાવવા ઇચ્છતા હોય તો એની સગવડ પણ અહીં છે. ટોચના બે ફ્લોર પર ડુપ્લેક્સ બની શકે છે જે આશરે ૧૮૫૦થી ૧૯૦૦ સ્ક્વેર ફીટનો બની શકશે.

### સ્ટેટસ

જાન્યુઆરી ૨૦૧૬માં શરૂ થયેલા આ પ્રોજેક્ટમાં નવમા સ્લૅબનું કામ ચાલી રહ્યું છે. ડિસેમ્બર ૨૦૧૭ સુધીમાં ફિટઆઉટ પઝેશન મળી જાય એ મુજબનું ડેવલપરનું પ્લાનિંગ છે.

### ફ્લેક્સી પેમેન્ટ સ્કીમ

ગ્રૅન્ડ હોમ બુક કરાવવા માટે જો ગ્રાહકોને લોન લેવી હોય તો HDFC દ્વારા ફ્લેક્સી પેમેન્ટ સ્કીમ ઉપલબ્ધ છે. એમાં પચીસ ટકા પેમેન્ટ બુકિંગ વખતે કરવાનું રહેશે અને ૭૫ ટકા પઝેશન વખતે પેમેન્ટ કરી શકાશે.

### જૂનો અને જાજરમાન વિસ્તાર

**કામા** લેન એ ઘાટકોપરના સૌથી જૂના અને ગુજરાતીઓના ગઢ ગણાતા એરિયામાંનો એક છે. ઇન્ટિગ્રેટેડ આહના પ્રોજેક્ટની શરૂઆત કરતાં પહેલાં ઇન્ટિગ્રેટેડ સ્પેસિસ લિમિટેડે આસપાસના એરિયામાં સર્વે કરીને નોંધ્યું હતું કે અહીંના રહેવાસીઓ આ એરિયાને છોડી જવા નથી માગતા. એટલે જ ઘણા પરિવારો એક જ બિલ્ડિંગનાં બે નાનાં ઘરોને એક કરીને મોટું ઘર બનાવવાનું પ્રિફર કરે છે. આ અવલોકન પરથી કંપનીએ અહીં વિશાળ અને લક્ઝુરિયસ પ્રોજેક્ટ બનાવવાનું રિસ્ક ઉઠાવ્યું. સારી વાત એ છે કે લોકોની જરૂરિયાત પારખીને શરૂ થયેલા આ પ્રોજેક્ટને ઘણો જ સારો રિસ્પૉન્સ મળ્યો છે.

**ઘાટકોપર** (ઈસ્ટ)માં જે ભાવમાં 2 BHK કે 2.5 BHK મળે એ ભાવમાં આ પ્રોજેક્ટમાં તમને 3 BHK મળી શકે છે.